જન્મદિને વધામણી

નીતિન આર આસોડીયા
મો. ૯૮૨૪૩ ૭૪૧૭૨

સંગીતા નરેન્દ્રકુમાર શાહ
મો. ૯૯૨૪૮ ૫૮૬૩૮

હેત હિમાંશુ પંડ્યા
ફોન : ૨૩૨૪૧૯૭૩

ધાર્મી યશવંતકુમાર પ્રજાપતિ
મો. ૯૯૭૯૮ ૭૧૨૭૨

જૈનિલ મહેશભાઈ પટેલ
મો. ૭૬૦૦૯ ૭૧૨૭૮

ગોવિંદભાઈ પટેલ
મો. ૯૯૭૯૮ ૭૧૨૭૨

દિગ્વિજયસિંહ
રાજેન્દ્રસિંહ ઠાકોર
મો. ૯૪૨૭૭ ૯૧૯૯૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

એસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં કલર્સ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧

એસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શુક્રવારે ધોરણ-૧થી ઉના વિદ્યાર્થીઓ માટે કલર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ-૪ના વિદ્યાર્થીઓએ કાર મ્યુઝીયમની મુલાકાત લીધી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૧થી ઉના વિદ્યાર્થીઓ અલગ-અલગ સાત રંગનાં વસ્ત્રોમાં સજીને આવ્યા હતા તેમજ તે કલર વિષે તેમણે એક એક વાક્યનું ઉચ્ચારણ પણ કર્યું હતું.

વિદ્યાર્થીઓ વિવિધ સ્વરૂપની કારથી પરિચિત થાય તે હેતુથી સરદાર પટેલ રિંગ રોડ પર સ્થિત ઓટો વર્લ્ડ મ્યુઝીયમની મુલાકાત યોજવામાં આવી હતી. કાર મ્યુઝીયમની મુલાકાત અંતર્ગત ધોરણ-૪ના વિદ્યાર્થીઓએ જૂના જમાનાની અલગ અલગ દેશોની કાર કૂતુહલતાપૂર્વક નિહાળી હતી.

સ્ટેટ ટેક્વોન ડો ચેમ્પિયનશીપમાં ગાંધીનગર ટીમનો શાનદાર દેખાવ

ટીમના ખેલાડીઓએ વિવિધ જૂથમાં ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ટેક્વો-ડો એસોસિએશનના ૧૩ ખેલાડીઓએ અમદાવાદ ખાતે આયોજિત સ્ટેટ ટેક્વોન ડો ચેમ્પિયનશીપમાં ભાગ લઈ વિવિધ જૂથમાં ૩ ગોલ્ડ, ૩ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

સંસ્થાના ચીફ કોચ જતિન દવેનું માર્ગદર્શન આ ટીમને મળ્યું હતું, ટીમનું નેતૃત્વ અજય જાડેજાએ કર્યું હતું. સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણીએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

ટીમના ખેલાડી જયદીપ વાઘેલા, ફેનિલ પટેલ અને પ્રિયાંશીને ગોલ્ડ, નિલાંશુ શાહ, જીયા શાહ, ટ્વીંકલને સિલ્વર તથા અલય, નિકેન્દ્ર, મિલાપ, અવિનાશ, શ્વેતાંગ, સાહીલ અને વિખ્યાતને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયા હતા.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૩

ટારઝન (૩ડી, અંગ્રેજી)
૨.૪૫, ૭.૪૫
ટારઝન (૩ડી, હિન્દી)
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૪

જુનૂનિયત
૧૦.૦૦, ૧.૦૦
દાવ થઈ ગયો યાર (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦
રમણ રાઘવ
૭.૦૦

સ્ક્રીન-૫

શોરગુલ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
જુનૂનિયત
૬.૪૫

રવિવારે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ખાતે છેલ્લાં અઢી વર્ષથી નિયમિત રીતે દર માસના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. આગામી તા. ૩ જુલાઈ, રવિવારના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ સુધી ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજવામાં આવશે.

માતૃભાષા અભિયાન, અમદાવાદ અને આત્મન ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા સંયુક્ત રીતે યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગૌરવની પ્રવૃત્તિ કરવાનો અને સારાં પુસ્તકોના વાચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથે પુસ્તકના આદાનપ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેવ કેળવાય તેવો પુસ્તક પરબનો ઉમદા આશય ચે. ગુજરાતનાં વિવિધ શહેરોમાં પુસ્તક પરબ યોજાય છે. પુસ્તક પરબનો લાભ લેવા કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, સંજય થોરાત, અશોકભાઈ ત્રિવેદી, રણછોડભાઈ પરમાર, ધૂર્જટી પ્રજાપતિ, પ્રશાંત અડાલજા, રમેશચંદ્ર શ્રીમાળી, દિશાન્ત ગર્ગ વગેરે સહયોગીઓ તરફથી પુસ્તક ભાવકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

પ્રેરણા વિદ્યાલય ખાતે ડૉક્ટર દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧

૧ જુલાઈના રોજ ડૉક્ટર દિવસની ઉજવણી પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-૫ દ્વારા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ડૉક્ટર દ્વારા દરેક બાળકોનું મેડિકલ ચેક-અપ કરવામાં આવ્યું હતું. નાનાં બાળકોની આંખ, જીભ, દાંતનું પણ ચેક-અપ કરવામાં આવ્યું હતું. ડૉક્ટરે વાર્તાના માધ્યમથી સરળ રીતે બાળકોને શું ખાવું અને શું ન ખાવું તેની શીખ આપી હતી અને સમૂળગા સ્વાસ્થ્ય માટે નુકસાનકારક બાબતોની સમજ પણ વિદ્યાર્થીઓને આપી હતી.

કામધેનુ યુનિવર્સિટી દ્વારા મત્સ્યબીજ સંગ્રહણ કાર્યક્રમ યોજવામાં આવ્યો

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યમાં મત્સ્ય ઉદ્યોગને પ્રોત્સાહન આપવા વૈજ્ઞાનિક મત્સ્યઉછેર વિકાસ અભિયાન ચાલી રહ્યું છે, તેના અંતર્ગત શુક્રવારે મહેસાણાઆ જિલ્લાના ચિત્રોડીપુરા ગામના ગ્રામ તળાવમાં મત્સ્ય બીજ સંગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ એમ સી વાર્ષ્ણેય દ્વારા કરવામાં આવ્યું હતું. જણાવ્યું કે ખેતીની સાથે-સાથે વૈજ્ઞાનિક ઢબે મત્સ્યઉછેર થકી જળક્રાંતિ લાવી શકાશે. વધુમાં તેમણે ગ્રામજનોને સ્વચ્છ, પ્રદૂષણ મુક્ત જળાશયોની જાળવણી કરવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કટલા અને રોહુ જાતિના કુલ ૪ હજાર મત્સ્ય બીજ તળાવમાં છોડવામાં આવ્યા હતા.

વૈજ્ઞાનિક પધ્ધતિથી તેમના ઉછેર માટે મત્સ્ય બીજને દૈનિક ખોરાક પૂરો પાડવો, સમયાંતરે ચકાસણી કરવી, તળાવમાં ઉપસ્થિત જૈવિક ભારની સમયાંતરે ચકાસણી કરવી, તળાવમાં રહેલ માછલીની રોગ પ્રતિકારકતા વધારવી અને ઉત્પાદન ક્ષમતા વધારવા માટે વૈજ્ઞાનિક માર્ગદર્શન યુનિવર્સિટી દ્વારા વખતોવખત પૂરું પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના તમામ અધિકારીઓ, ગામના સરપંચ તેમજ મોટા પ્રમાણમાં ગામના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

પી કે ચૌધરી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં

કન્યા કેળવણી કૉલેજ પ્રવેશોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં કન્યા કેળવણી કૉલેજ પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

નવાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓનું કુમકુમ તિલકથી સ્વાગત કરવામાં આવ્યું હતું.આ અનુસંધાને સર્વધર્મ સમૂહ પ્રાર્થના, દીપ પ્રાગટ્ય કરીને આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત પ્રિન્સિપાલ એસ જી દેસાઈ, સભાના અધ્યક્ષ હરિભાઈ ચૌધરી, મંત્રી માધુભાઈ ચૌધરી અને ઉપપ્રમુખ સેંધાભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી તથા ડી જી ચૌધરીનું શાબ્દિક સ્વાગત કર્યું હતું તથા કૉલેજનો વિશદ પરિચય આપ્યો હતો. કૉમર્સ કૉલેજનો પરિચય પ્રા. ઋચિબેન જોશી દ્વારા આપવામાં આવ્યો હતો. ટ્રસ્ટીઓએ ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે કન્યા કેળવણીના વિકાસમાં આ કૉલેજે તમામ સુવિધાઓ કેમ્પસમાં મળી રહે તેવા પ્રયત્નો કર્યા છે અને કરશે. એસ જી દેસાઈએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું.

આ પ્રસંગે અખિલ આંજણા કેળવણી મંડળના સર્વ હોદ્દેદારો, વાલીગણ, ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. મીના વ્યાસ, ડૉ. લીના સ્વાદિયા અને પ્રા. મુન્નાબેન ચૌધરીએ કર્યું હતું. આ પ્રસંગે પ્રા. પ્રતિમાબેન છનિયારાએ હોમ સાયન્સ વિભાગનું પ્રદર્શન યોજ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંગીતા ચૌધરીએ અને આભારવિધિ રેખા રાઠોડે કરી હતી.

બોર્ડનું પરિણામ

સતત ત્રણ વર્ષથી નબળું હોય તેવી શાળાઓ સામે કાર્યવાહી

ગાંધીનગર, તા. ૧

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે જેનું છેલ્લા ત્રણ વર્ષનું બોર્ડનું પરિણામ ૩૦ ટકા કરતા ઓછું આવ્યું હોય તે શાળાના આચાર્ય અને જે તે વિષયના શિક્ષકનું એક વર્ષનું ઈનક્રિમેન્ટ અટકાવવાનો આદેશ કરાયો છે. આ આદેશના પગલે હવે જિલ્લાના ડીઈઓ દ્વારા તેમના વિસ્તાર માટે પરિપત્ર કરી શાળાઓના આચાર્ય અને જે તે વિષયના શિક્ષકોના ઈજાફા અટકાવવા માટે આદેશ કરાયો છે. શાળાઓનું પરિણામ ખરાબ આવતું હોવાના મુદ્દે શાળાઓની ગ્રાન્ટ કાપની નીતિ પણ અમલમાં છે અને હવે શાળાના આચાર્ય અને જે તે વિષયમાં ૩૦ ટકા કરતા ઓછું પરિણામ આવ્યું હોય તેમનો ઈજાફો અટકાવાશે. અગાઉ સ્કૂલનું પરિણામ નીચું હોય તો પણ તેને ૧૦૦ ટકા ગ્રાન્ટ મળતી હતી. પરંતુ પરિણામ સુધરે તે માટે શિક્ષણ બોર્ડે એક માળખું તૈયાર કર્યું હતું. જે મુજબ ધોરણ-૧૦ અને ૧૨ના પરિણામ પ્રમાણે જ શાળાઓને ગ્રાન્ટ આપવાનો નિર્ણય લેવાયો હતો. જે મુજબ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૩૦ ટકાથી ઓછું પરિણામ હોય એવી શાળાઓને ગ્રાન્ટ નહીં આપવાનું નક્કી કરાયું છે.

ડિપ્લોમાથી ડિગ્રીની ૨૫,૦૦૦ બેઠકો માટે કાર્યવાહીનો આરંભ

ગાંધીનગર, તા. ૧

ડિપ્લોમાથી ડિગ્રીના બીજા વર્ષમાં સીધા પ્રવેશ માટે શુક્રવારથી કાર્યવાહીનો આરંભ કરવામાં આવ્યો છે, જે અંતર્ગત તા.૭મી જુલાઇ સુધી બૂકલેટ અને પીનનંબર એનાયત કરવામાં આવશે. ડીટુડીની અંદાજે ૨૫ હજાર બેઠકો માટે આ વર્ષે કાર્યવાહી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ૧૨ હજાર જેટલી બેઠકો ખાલી પડી હતી. આ ખાલી પડેલી બેઠકો આ વર્ષની પ્રવેશ કાર્યવાહીમાં સામેલ કરવામાં આવતી હોય છે. આ વર્ષથી અંદાજે ૧૩ હજાર બેઠકો મળી કુલ ૨૫ હજાર બેઠકો માટે કાર્યવાહી કરવામાં આવશે. દરવર્ષે ડિગ્રી ઈજનેરી કોલેજમાં ૨૦ ટકા લેખે બેઠકો ડી ટુ ડી માટે અનામત રાખવામાં આવશે. તા.૨જીથી ૭મી સુધી વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ કરાવી શકશે. તા.૧૦મીએ પ્રવેશ સમિતિ દ્વારા સીટમેટ્રિક્સ જાહેર કરવામાં આવશે.

વાચકોને આમંત્રણ

‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસના પહેલા સપ્તાહનો વિષય છે :

‘મારા પ્રેમાળ પાડોશી’